1.

પરિપત્ર

ક્રમાંક:મઉમશબ/શાનિ/ ૨૩૦૪૨/૯૩
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦/બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૪/૧/૧૬

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ.

વિષય :- વિદ્યાર્થીઓને શાળા દ્વારા આપવામાં આવતા એલ. સી. (શાળા છોડ્યાના પ્રમાણપત્ર) ગુજરાતી અને અંગ્રેજીમાં આપવા બાબત.

સંદર્ભ :- ૧) શિક્ષણ વિભાગના તા.૦૪/૦૫/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક: મશબ-૧૨૧૧-૩૪૭-છ અન્વયે.
૨) બોર્ડની તા.૧૦/૧૨/૨૦૧૫ ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક: ૨૩૩/૨૦૧૫ અન્વયે.
૩) બોર્ડની તા.૨૩/૧૨/૨૦૧૫ ના સામાન્ય સભાના ઠરાવ ક્રમાંક: ૧૪/૨૦૧૫ અન્વયે.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે વિદ્યાર્થીઓને ઘણી શાળામાં આપવામાં આવતા લીવીંગ સર્ટી ગુજરાતીમાં આપવામાં આવે છે. પ્રવર્તમાન સમયમાં ગુજરાતના વિદ્યાર્થીઓ રાજ્ય તથા દેશ બહાર ઉચ્ચ અભ્યાસ અર્થે જવા લાગ્યા છે. આવા વિદ્યાર્થીઓને લીવીંગ સર્ટી અંગ્રેજીમાં કરવા માટે નોટરી પાસે જવું પડે છે. જેમાં વિદ્યાર્થીઓના સમય, શક્તિ અને નાણાંનો વ્યય થાય છે તેમજ અંગ્રેજી લીવીંગ સર્ટી કરવા માટે જાણકારી વિદ્યાર્થી પાસે હોતી નથી. આ બાબતે અગાઉ પણ સંદર્ભ-૧ ના બોર્ડના પરિપત્ર પત્ર ક્રમાંક:મઉમશબ/ગ/ટે-૧/૧૩૭૬/૯૯ ના પત્રથી તા.૧૭/૦૫/૨૦૧૧ થી સુચના આપેલ છે. વધુમાં બોર્ડની તા.૧૦/૧૨/૨૦૧૫ ના રોજ મળેલ કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક: ૨૩૩/૨૦૧૫ થી પ્રસ્તાવ નં-૪ મંજુર કરેલ છે. તેમજ તા.૨૩/૧૨/૨૦૧૫ ના રોજ મળેલ સામાન્ય સભાના ઠરાવ ક્રમાંક: ૧૪/૨૦૧૫ ના પ્રસ્તાવ નં.૨ થી કારોબારી સમિતિના ઠરાવને સમર્થન મળેલ છે. આમ શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓને ધો-૧૦ અને ધો-૧૨માં આપવામાં આવતા એલ.સી. (શાળા છોડ્યાના પ્રમાણપત્ર) આ સાથેના નમુના મુજબ ગુજરાતી અને અંગ્રેજીમાં આપવાનું ઠરાવેલ છે. તો આપના તાબા હેઠળની નોંધાયેલ માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ કરવા જણાવવામાં આવે છે.

બિડાણ :- ઉપર મુજબ.

...શિક્ષણાધિકારી કચેરી. શાખા
...સારી જિલ્લો,નવસારી
આવક નંબર ૧૪૫
તારીખ ૧૪/૦૧/૧૬
હેડ ક્લાર્ક
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
...જિ.નવસારી.

(આર. આઈ. પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નકલ રવાના :-
બોર્ડ સભ્યશ્રીઓ તરફ જાણ સારૂ.

D:\RAHUL\JANUARY-2012.doc

નોંધાયેલ માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નિભાવવામાં આવતા વિધાર્થીઓના જનરલ રજીસ્ટર અને શાળા છોડયાના પ્રમાણપત્રમાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક મશબ-૧૨૧૧-૩૪૭-છ
સચિવાલયઘ ગાંધીનગર
તારીખ ૪ મે ૨૦૧૧

વંચાણે લીધોઃ-

(૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ મઉમશબ-ગ-૨૭૬ તા. ૨-૨-૨૦૧૧.

ઠરાવઃ-

આમુખમાં ક્રમાંક ૧ માં દશાવેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના તા.૨-૨-૨૦૧૧ ના પત્ર અન્વયે શાળાઓમાં નિભાવવામાં આવતા જનરલ રજીસ્ટર (G.R) અને શાળા છોડયાનું પ્રમાણપત્ર (L.C) ગુજરાતી અને અંગ્રેજી એમ બન્ને ભાષામાં આપવા અંગે મંજુરી આપવા અંગે સુધારો કરવાની બાબત વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાને અંતે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક ૩૮ (૧) (ક) (૧) નાં ઉલ્લેખ સાગાન્ય રજીસ્ટર (G.R) તેમજ વિનિયમ-૧૩ માં ઉલ્લેખિત શાળા છોડયાના પ્રમાણપત્ર (L.C) નો નમુના-૯ આ સાથે સામેલ નમુના મુજબ સુધારો કરવાની આથી સરકારશ્રીની મંજુરી આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

સહી/-
( બી.આર. ઠકકર )
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ,
ગાંધીનગર

ક્રમાંકઃમઉમશબ/ગ/૨-૯/૧૩૩૬/૯૯
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર , તા.૧૭-૫-૨૦૧૧.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી (તમામ) તરફ આપના તાબા હેઠળની નોંધાયેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ કરવા તથા અમલ કરવા સારૂ.

(ડૉ. કે.આર.ઝાંઝરૂકીયા)
સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નકલ રવાનાઃ-
માન. બોર્ડ સભ્યશ્રીઓ તરફ જાણ સારૂ.

E:\CHAUDHARI\વિનિયમ સુધારો.doc